# ગુ જ રા ત   યુ નિ વ ર્સિ ટી

## જાહેરનામા નં. ૧૭૯૪/ ૨૦૨૫

આથી જાહેર કરવામાં આવે છે કે, **સપ્ટે./ઓકટો./નવે.**-૨૦૨૫માં લેવાયેલ આ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ગેરવ્યાજબી ઇલાજો અજમાવ્યા હોવાથી તા.૧૯/૧૧/૨૦૨૫ના રોજ બપોરે ૦૩:૩૦વાગ્યે મળેલ પરીક્ષા શુધ્ધિ સમિતિની બેઠકમાં વિદ્યાર્થીઓની સુનાવણી કર્યા બાદ તેમના નામની સામે નીચેના કોઠામાં દર્શાવેલ નિર્ણય મુજબની સજા કરવામાં આવેલ છે.

**ઉપરાંત વિદ્યાર્થીએ જે તે પરીક્ષામાં જ વિષય/પેપરમાં પ્રેકટીકલ/પ્રોજેકટ/વાયવાની પરીક્ષા સંપૂર્ણ અલગ-અલગ હેડમાં હશે તે પરીક્ષા વિદ્યાર્થીએ પુન: આપવાની રહેશે નહીં. પરંતુ જે વિષય/પેપરમાં થીયરીની સાથે પ્રેકટીકલ/પ્રોજેકટ/વાયવાની પરીક્ષાનો એ જ હેડમાં સમાવેશ થયો હશે તેવી પરીક્ષાઓમાં પકડાયેલ વિદ્યાર્થીએ તેની થીયરી સાથે પ્રેકટીકલ/પ્રોજેકટ/વાયવાની પરીક્ષા ફરજીયાત પુન: આપવાની રહેશે.**

તેમજ મળેલ પરીક્ષા શુદ્ધિ-સમિતિએ કરેલ નિર્ણય બાદ આ વિદ્યાર્થીઓએ તેમના નામ સામે જણાવેલ નિર્ણય/ડિબાર્ડની (સજાની) મુદત બાદ લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર પરીક્ષા આપવાના થતાં વર્ષે ભરીને તેમની કોલેજનાં **આચાર્યશ્રી મારફતે જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નક્કી થયેલ તારીખે આ યુનિવર્સિટી કાર્યાલયમાં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે** અને આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર કયારે ભરવું તે માટે તેમની કાલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે

| Case No. | Student Name | Seat No. | College | નિર્ણય / Decision |
|---|---|---|---|---|
| **First MBBS** | | | | |
| 1 | Shlok Shekhar Mehta | 1498 | GMERSMED Sola | પરીણામ જાહેર કરવું |
| **FY B.Physiotherapy** | | | | |
| 2 | Patel Purvikumari Jayantilal | 723 | Ananya College | જે-તે વિષયમાં નાપાસ |
| **SY B.Physiotherapy** | | | | |
| 3 | Goswami Nehal Ashokgiri | 357 | Sharda Physio. | પરીણામ જાહેર કરવું |
| **TY B.Physiotherapy** | | | | |
| 4 | Dhruvi Rakesh Rusat | 449 | Gov. Physio | પરીણામ જાહેર કરવું |
| **Final B.Physiotherapy** | | | | |
| 5 | Makwana Palak Maheshbhai | 471 | ARUSH PHY | પરીણામ જાહેર કરવું |
| **PG MD** | | | | |
| 6 | Pateliya Vaishali S | 555 | GMERS | પરીણામ જાહેર કરવું |
| 7 | Parmar kirpalsinh | 47 | NHL | પરીણામ જાહેર કરવું |
| **PG MS** | | | | |
| 8 | Dhruvkumar Jitendrabhai patel | 614 | NMMC | પરીણામ જાહેર કરવું |

| | | | | |
|---|---|---|---|---|
| **B.Sc.Nursing Sem-2** | | | | |
| 9 | Garasiya Anjana Ramabhai | 109 | Panchamrut. Nur. College | પરીણામ જાહેર કરવું |
| **B.Sc.Nursing Sem-4** | | | | |
| 10 | Parmar Bhavna Karsanbhai | 1355 | SARVODNUR | પરીણામ જાહેર કરવું |
| **Post Basic Nursing Sem.-1** | | | | |
| 11 | Chauhan Jagruti Arvindbhai | 10147 | Swayambhu Nur. | પરીણામ જાહેર કરવું |
| **B.Com. Sem.-5** | | | | |
| 12 | Patel Astha Mukeshbhai | 2833 | Mansa Arts&Comm. Gandhinagar | જે-તે વિષયમાં નાપાસ |

s/d

**કુલસચિવ વતી**

નં.પરીક્ષા/૨/ ૫૨૯૩૪ /૨૦૨૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ. ૨૪/૧૧/૨૦૨૫

નકલ રવાના :-

(૧) લાગતાવળગતા વિદ્યાર્થી તરફ જાણ સારૂ તેમજ વિદ્યાર્થીઓએ પરીક્ષાનું આવેદનપત્ર કયારે ભરવું તેની સમજ માટે તેમની કોલેજના આચાર્યશ્રીઓ સંપર્ક સાધવાની સુચના સાથે.
(૨) ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓ તરફ.
(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.
(૪) સંબંધિત કલાર્કશ્રી, પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

**પ્રત્યેક પરીક્ષા સીઝનમાં તમામ સેમેસ્ટરની પરીક્ષા લેવાના નિર્ણય બાદ ગેરરીતિના સૂચિત ધારા-ધોરણો**

(૧) **પરિણામ રદ કરવું (F+O) :**

વિદ્યાર્થીના જે-તે સેમેસ્ટરના તમામ વિષયોનું પરિણામ રદ કરવું. તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે. ત્યારબાદ પરિણામ રદ કરેલ સેમેસ્ટરની આગતી પરીક્ષામાં બેસી શકશે.

(૨) **પરિણામ રદ કરવું (F+૧) :**

વિદ્યાર્થીના જે તે સેમેસ્ટરના તમામ વિષયોનું પરિણામ રદ કરવું. તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ રદ કરેલ સેમેસ્ટરની આવતી એક પરીક્ષામાં બેસી શકશે નહીં. તથા એક પરીક્ષા બાદ આવતી બીજી પરીક્ષામાં બેસી શકશે અને આ બીજી પરીક્ષા આપ્યા બાદ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ મળેવી શકશે.

(૩) **પરિણામ રદ કરવું (F+૨) :**

વિદ્યાર્થીના જે તે સેમેસ્ટરના તમામ વિષયોનું પરિણામ રદ કરવું. તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ રદ કરેલ સેમેસ્ટરની આવતી બે પરીક્ષામાં બેસી શકશે નહીં. તથા બે પરીક્ષા બાદ આવતી ત્રીજી પરીક્ષામાં બેસી શકશે અને આ ત્રીજી પરીક્ષા આપ્યા બાદ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી શકશે.

(૪) **જે તે વિષય/પેપરમાં નાપાસ : જે તે વિષય/પેપરમાં ઝીરો (Zoo) ગુણ આપી પરિણામ જાહેર કરવું.**

વિદ્યાર્થી જે તે વિષય/પેપરમાં જ નાપાસ કરેલ હોય તો વિદ્યાર્થીનું જે તે સેમેસ્ટરમાં અન્ય બીજા વિષયોનું પરિણામ જાહેર કરવું તેમજ તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બને છે.

(૫) વધુમાં વિદ્યાર્થીને જે તે સેમેસ્ટરમાં કોપી કેસ થયેલ હોય પરંતુ તેને પાછળના સેમેસ્ટરની કોઇ પરીક્ષા બાકી હોય તો તે પરીક્ષા આપવાને પાત્ર બને છે.

(દા.ત. વિદ્યાર્થીને સેમે-૫માં કાપી કેસ થયેલ હોય તો તે વિદ્યાર્થીને સેમે-૧ થી સેમે-૪માં કોઇપણ વિષય/પેપરમાં નાપાસ હોય તો તે પરીક્ષા આપી શકે છે.

(૬) આ ઉપરાંત જે તે પરીક્ષામાં જે વિષય/પેપરમાં પ્રેક્ટીકલ/લેસન/પ્રોજેક્ટ/વાયવાની પરીક્ષા સંપૂર્ણ અલગ-અલગ હેડમાં હશે તે પરીક્ષા વિદ્યાર્થીએ પુનઃ આપવાની રહેશે નહીં. પરંતુ જે વિષય/પેપરમાં થીયરીની સાથે પ્રેક્ટીકલ/લેસન/પ્રોજેક્ટ/વાયવાની પરીક્ષાનો એક જ હેડમાં સમાવેશ થયો હશે તેવી પરીક્ષાઓમાં પકડાયેલ વિદ્યાર્થીએ તેની થીયરીની સાથે ેક્ટીકલ/લેસન/પ્રોજેક્ટ/વાયવાની પરીક્ષા ફરજીયાત પુનઃ આપવાની થશે.

આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર ભરીને તેમની કોલેજના આચાર્યશ્રી મારફતે જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નક્કી થયલ તારીખ સુધીમાં આ યુનિવર્સિટી કાર્યાલયમં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે અને આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર કયારે ભરવું તે માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.